## નામદાર શ્રી પ્રિન્સીપાલ સિનીયર સીવીલ જજ સાહેબની કોર્ટ સમક્ષ,
## મુકામ : જંબુસર.
## રેગ્યુ. દિવાની મુકદમાં નં. ૧૫૭/૨૦૧૯

(૧) શરીફાબેન અબ્દુલ શેખ,

ઉ. વ. આ.– ૬૫, ધંધો – ઘરકામ,

(૨) મુસ્તાક અબ્દુલ શેખ,

ઉ. વ. આ. ૪૫, ધંધો – મજુરી,

(૩) હારૂન અબ્દુલ શેખ,

ઉ. વ. આ. ૪૦, ધંધો – મજુરી,

તમામ રહે. નવીનગરી, ખાનપુરી ભાગોળ, જંબુસર,

તા. જંબુસર, જિ. ભરૂચ. ..........**વાદીઓ**

**વિરૂધ્ધ**

(૧) હુશેનભાઈ રસુલભાઈ હાજી,

ઉ. વ. આ. ૫૫, ધંધો – મજુરી,

(૨) મુમતાઝબેન અબ્બાસ બાજી,

ઉ. વ. આ. ૪૫, ધંધો – ઘરકામ,

બન્ને રહે. ખાનપુરી ભાગોળ, મુ. જંબુસર,

તા. જંબુસર, જિ. ભરૂચ. ....... **પ્રતિવાદીઓ**

<u>આંક – ૫</u> <u>રે. દિ. મુ. નં. ૧૫૭/૨૦૧૯</u>

| | |
|---|---|
| // વાદીઓ તરફે વિ. વ.................. શ્રી બી. આર. ચોકસી // | |
| // પ્રતિવાદીઓ તરફે વિ.વ................ શ્રી એમ. આર. પટેલ // | |

**–:: આંક–૫ લગત હુકમ ::–**

**(૧)** વાદીઓએ હાલની અરજી સી. પી. સી. ઓર્ડર – ૩૯, રૂલ – ૧, ૨ મુજબ વચગાળાનો મનાઈહુકમ મેળવવા અરજ કરેલી છે. આ કામમાં આંક – ૫ થી વાદીઓ ધ્વારા હાલની મનાઈ અરજી લાવવામાં આવેલ છે અને આંક – ૧ થી પ્રતિવાદીઓ સામે જે દાવા અરજી કરેલ છે તેની સાથે વચગાળાની દાદ માંગતી અરજી કરેલ છે. આ કામના વાદીઓએ તેમની આ મનાઈ અરજીમાં મોટાભાગની હકિકતો તેની આંક – ૧ ની દાવા અરજીને લગતની હકિકતોના સમર્થનમાં જણાવેલ છે.

**(૨)** ત્યારબાદ આ કામે વાદીઓનાં દાવા અરજી તથા મનાઈ હુકમની અરજીનો સમન્સ પ્રતિવાદીઓને બજતા પ્રતિવાદીઓ તેમનાં વિ. વ. શ્રી મારફતે હાજર થયેલ છે અને પ્રતિવાદીઓ તરફે આંક – ૧૭ થી દાવા અરજી તથા કામચલાઉ મનાઈ અરજીનો સંયુકત લેખીત જવાબ રજુ કરેલ છે, તે વંચાણે લેવામાં આવેલ છે અને તે આંક સ્વરૂપે રેકર્ડ ઉપર હોય તેનું પુનરાવર્તન કરવામાં આવતું નથી.

**(૩)** આ કામે વાદીઓ ધ્વારા આંક – ૩ થી દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ રજુ રાખેલ છે. જેમાં નીચે મુજબના દસ્તાવેજો રજુ રાખેલા છે.

| ક્રમ | નિશાની | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| ૧ | ૩/૧ | અનુ. નં. ૧૪૩/૧૯૯૬ નાં રજી. વેચાણ દસ્તાવેજની નકલ |
| ૨ | ૩/૨ | પ્રતિવાદીઓએ વાદીઓને આપેલ કેવીએટની નકલ |
| ૩ | ૩/૩ | નકશાની નકલ |

| | | |
|---|---|---|
| ૪ | ૩/૪ | તકરારી મિલકતનાં વાદીઓએ સ્થળસ્થિતી નક્કી કરવા લીધેલ ફોટોઓ |

આ કામે કોર્ટ કમીશ્નર તરફે આંક – ૧૧ રીપોર્ટ રજુ કરેલ છે અને રીપોર્ટ સાથે નિ. ૧૧/૨ થી પંચનામુ તથા નિ. ૧૧/૩ થી નકશો રજુ રાખેલ છે.

(૪) આ કામે પ્રતિવાદીઓ ધ્વારા આંક – ૧૮ થી દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ રજુ રાખેલ છે. જેમાં નીચે મુજબના દસ્તાવેજો રજુ રાખેલા છે.

| ક્રમ | નિશાની | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| ૧ | ૧૮/૧ | વેચાણ કરાર ખતની ઝેરોક્ષ નકલ |
| ૨ | ૧૮/૨ | વેચાણ કરાર ખતની ઝેરોક્ષ નકલ |
| ૩ | ૧૮/૩ | વેચાણ કરાર ખતની ઝેરોક્ષ નકલ |
| ૪ | ૧૮/૪ | પ્રતિ. નં. ૧ નાએ અગાઉ જં. ન. પા. માં. આપેલ અરજીની ઝેરોક્ષ નકલ |
| ૫ | ૧૮/૫ | જંબુસર સિવીલ કોર્ટમાં રે. મુ. નં. ૭૬/૦૩ નાં કામે આંક–૫ ની અરજી તથા તે નીચે કરેલ હુકમની ખરી નકલ |
| ૬ | ૧૮/૬ | જંબુસર સિવીલ કોર્ટમાં રે. મુ. નં. ૭૯/૦૩ નાં કામે આંક–૫ ની અરજી તથા તે નીચે કરેલ હુકમની ખરી નકલ |
| ૭ | ૧૮/૭ | વેચાણ કરાર ખતની ઝેરોક્ષ નકલ |
| ૮ | ૧૮/૮ | વેચાણ કરાર ખતની ઝેરોક્ષ નકલ |

## (૫) દલીલ :–

વાદી તરફે વિ. વ. શ્રી બી. આર. ચોકસીએ દલીલ કરેલ છે કે, હાલના કામે દાવાઅરજીના પેરા નં. (૧) માં જણાવેલ લોટ – અ વાળી મીલકત વાદીના

વડવા અબ્દુલ જાફરે તેના મુળ માલીક પાસેથી રજીસ્ટર વેચાણ દસ્તાવેજથી વેચાણ રાખેલ જેની નકલ નિ. ૩૧ થી રજુ રાખેલ છે. વાદીઓ મર્હુમ અબ્દુલ જાફરના વારસદારો છે અને તે બાબતે પ્રતિવાદી તરફે પણ કોઈ તકરાર નથી. જયારે લોટ – બ વાળી મીલકત બે જોડા જોડ કોરડા સ્વરુપની આવેલ છે. જે દાવાના કામે તકરારી મીલકત છે. લોટ – બ વાળી મિલકતના કાયદેસર માલીક પ્રતિવાદીઓ નથી કે તે બાબતનો કોઈ આધાર પણ રજુ રાખેલ નથી. ફકત જંબુસર નગરપાલીકાના આકારણીપત્રકે કબજેદાર તરીકે તેઓનું નામ ચાલે છે. લોટ – બ વાળી મિલકતનો મુખ્ય દ્વાર પુર્વ દિશામાં છે. પ્રતિવાદીઓ તે બંન્ને કોરડા તોડી પાકુ આર. સી. સી. નું બાંધકામ દાવા તારીખે કરી રહેલ હતા. નિ. ૩/૨ થી પ્રતિવાદીઓએ વાદી નં. ૨ અને ૩ ને કેવીયેટ આપેલી. જે વંચાણે લેવામાં આવેતો પ્રથમ પેજ પર છેલ્લી ચાર લીટીથી જોતા તેઓ ઉગમણી બાજુ બારણુ પાડવા માંગે છે તેવી હકિકત જણાવેલ છે, પરંતુ બાંધકામ કરવા પરવાનગી લીધેલ હોય તેવી કોઈ હકિકત જણાવેલ નથી. પ્રતિવાદીઓ જે બાંધકામ કરી રહેલ છે તે વાદીઓની મીલકતની ઉપર સ્લેબ નાંખેલો અને વાદીઓની પુર્વે કંપાઉન્ડ દિવાલ તોડી તે બાજુ બારણુ મુકવા માંગે છે અને ઉપર પ્રથમ માળે બારી બારણા કે જે વાદીઓની ખુલ્લી જગ્યામાં પડે તે રીતે બાંધી નવા હકકો ઉભા કરવા માંગે છે. જેથી ભવીષ્યમાં વાદીઓને પુર્વ તરફ બાંધકામ કરવુ હોય તો તેઓને નડતરરુપ થાય તેમ છે. આ અગાઉ ૭૯–૦૩ નંબરથી વાદીઓના વડવાએ હાલના પ્રતિવાદી તથા અન્ય લોકો વિરુધ્ધ દાવો કરેલો અને તે જ રીતે ૭૬–૦૩ થી ગુજરનાર ઝવેરભાઈ રણછોડભાઈના વારસ ભાઈલાલભાઈ ઝવેરભાઈએ વાદીઓના વડવા સામે દાવો કરેલો. જે બંન્ને દાવા ડી. ડી. થયેલા. જેથી તે દાવાનો ગુણદોષના આધારે કોઈ ન્યાયીક નિર્ણય આવેલ નથી. હાલના દાવાનું કારણ તા. ૧૪/૧૦/૨૦૧૯ ના રોજ કેવીયેટ મોકલી તેમાં બાંધકામ કરી રહેલ છે તેવુ જણાવેલ

હોય નવો દાવો કરવાનું કારણ ઉભુ થયેલ છે અને અગાઉ દાવા થયેલ તેનો બાધ નડે નહી. વાદીઓ તરફે જે દાદ માંગેલ છે તે જોવામાં આવેતો પ્રોટેકશન દિવાલ ઉપર દિવાલ ચણી લઇ સ્લેબ નાંખી દિધેલ છે તે સ્લેબ તોડી પાણીના નિકાલનો રસ્તો ખુલ્લો કરે તેવો આદેશાત્મક મનાઇહુકમ તથા પ્રોટેકશન વોલમાં તોડફોડ કરે નહી કે તેની ઉપર કોઇ બાંધકામ કરે કરાવે નહી કે  વાદીની મીલકતમાં પડે તે રીતે કોઇ બારી કે બારણુ મુકાવે નહી કે નવા હકકો ઉભા કરે કરાવે નહી તેવા જાથુના મનાઇહુકમની માંગણી કરેલ છે. તકરારી મીલકતનો નકશો પણ નિ. ૩/૩ થી અને ફોટા નિ. ૩/૪ થી રજુ છે. જે બંન્ને વંચાણે લેતા વાદીની મીલકતની પશ્ચિમે જે દિવાલ આવેલ છે તે વાદીઓની માલીકીની છે તેવું જણાઇ આવે છે. વાદીઓ જે નવો હકક ઉભો કરવા પ્રયત્ન કરેલ છે તે અધિકાર નથી. હાલના કામે કોર્ટ કમીશ્નર દ્વારા સ્થળ સ્થિતીનું પંચનામું કરેલ છે અને તેનાથી પણ સ્થળ સ્થિતી રેકર્ડ ઉપર આવેલ છે અને તેનાથી પણ વાદીની હકિકતોને સર્મથન મળેલ છે. આમ વાદીઓ તરફે માંગ્યા મુજબ પ્રતિબંધક મનાઇહુકમ મંજુર કરવા અરજ કરેલ છે.

પ્રતિવાદીઓ તરફે વિ. વ. શ્રીએ આંક – ૨૪ થી વિગતવાર લેખીત દલીલો રજુ કરેલ છે જે અક્ષરસઃહ વંચાણે લેવામાં આવેલ છે અને આંક સ્વરુપે રેકર્ડ ઉપર હોય તેનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી.

**(૬)** ઉપરોકત વાદીપક્ષની અરજીની હકિકતો, તેમજ વાદીપક્ષની દલીલોને ધ્યાને લેતા આંક – ૫ ની અરજીના ન્યાયીક નિર્ણય થવા માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–:: મુદ્દાઓ ::–**

(૧) શું વાદીઓનો પ્રાઈમાફેસી કેસ છે ?

(૨) શું બેલેન્સ ઓફ કન્વીનીયન્સ અને હાર્ડશીપ વાદીઓની તરફેણમાં છે ?

(૩) શું મનાઈ હુકમ ન આપવામાં આવે તો વાદીઓને નાણામાં ન ભરપાઈ થઈ શકે તેવું નુકશાન જાય તેમ છે?

(૪) શું હુકમ ?

**(૭)** ઉપરોકત મદ્દાઓના મારા જવાબો નીચે મુજબ છે.

(૧) ''નકારમાં''

(૨) '' નકારમાં''

(૩) '' નકારમાં''

(૪) આખરી હુકમ મુજબ.

**(૮)** આ માટેના કારણો નીચે મુજબ છે.

**<u>–:: કા ર ણો ::–</u>**

આ કામે આંક–૫ નિર્ણિત કરતા પહેલા આ અંગે કાયદાની સ્થિતિ જોઈએ તો, સી. પી. સી. ઓ.૩૯, રૂલ્સ–૧ ની જોગવાઈ ધ્યાને લેવામાં આવે તો,

**<u>સી. પી. સી. ઓર્ડર–૩૯, રૂલ–૧ જે કેસોમાં કામચલાઉ મનાઈહુકમ આપી શકાય:</u>**

(૧) જો કોઈ કેસમાં સોગંદનામાંથી અગર અન્ય રીતે એમ સાબિત થાય કે :

(એ) કોઈ દાવાની વાદગ્રસ્ત મિલકત વેડફાઈ જવાનો, તેની હાનિ થવાનો દાવાના કોઈ પક્ષકાર ધ્વારા હસ્તાંતર થવાનો ભય છે અથવા કોઈ હુકમનામાની બજવણીમાં વેચાઈ જવાનો ભય છે અથવા

(બી) પ્રતિવાદી પોતાના લેણદારોને છેતરવાના માટે પોતાની મિલકત ખસેડવાની અથવા વ્યય કરી નાખવાની ધમકી આપે છે અગર ઈરાદો ધરાવે છે અથવા

(સી) દાવામાં વાદગ્રસ્ત મિલકતથી વાદીનો કબજો છોડાવી લેવાનો અગર બીજી રીતે વાદીને વાદગ્રસ્ત મિલકતના સબંધમાં હાની પહોંચાડવાની ધમકી આપે છે. (૧૯૭૬ ના સુધારણા અધિનિયમથી ઉમેરાયેલો નવો ખંડ) તો અદાલત હુકમ કરીને આવું કૃત્ય અંકુશિત કરવા કામચલાઉ મનાઈ હુકમ આપી શકે અથવા આવો દુર્વ્યય, નુકસાન, હસ્તાંતર, વેચાણ, ખસેડવાના કાર્ય અથવા વ્યય સ્થગિત કરવા અથવા અટકાવવા તેને ઠીક લાગે તે હુકમ તે ઉદેશથી કરી શકે અથવા વાદીને કબજાથી વંચિત કરવાના અથવા વાદગ્રસ્ત મિલકતના સંદર્ભમાં વાદીને અન્ય રીતે હાનિ થતી અટકાવવા (૧૯૭૬ ના સુધારણા અધિનિયમથી ઉમેરાયેલા શબ્દો) અદાલતને ઠીક લાગે તેવો દાવાના નિકાલ સુધી અથવા બીજો હુકમ થાય નહી ત્યાં સુધીનો હુકમ કરી શકે.

(૨) કોર્ટ ચાલુ કાર્ય થતું અટકાવવા માટે કામચલાઉ મનાઈહુકમ કરતી વખતે અથવા તે બીજો હુકમ થતા સુધી, તે મિલકત વેડફાઈ જતી હોય, તે, તેને નુકસાન થતું હોય તે, બીજાને આપી દેવાની હોય તે, લેવાની હોય તે, ખસેડતી હોય તે અથવા પેટા રૂલ –(૧) હેઠળના દાવાના નિકાલ હેઠળ કોઈપણ મિલકતના સબંધમાં વાદીનો કબજો છોડાવી દેવા અથવા અન્યથા નુકસાન પહોંચાડવા માટે, કોર્ટ યોગ્ય ગણે તેવી જામીનગીરી આપવા અથવા અન્યથા વાદીને આદેશ કરી શકશે.ઉપરોકત મુજબનાં આવશ્યક તત્વો હોય ત્યારે વચગાળાનો મનાઈ હુકમ આપી શકાય.

**(૮.૧)** પ્રાઈમાફેસી કેસ :– પ્રાઈમાફેસી કેસ એટલે કે પ્રથમ દર્શનીય કેસની વ્યાખ્યા જોઈએ તો, વાદીએ કે કામચલાઉ મનાઈ હુકમની માંગણી કરનારે રજુ કરેલી હકીકતો, તે જ સ્વરૂપે સ્વીકારતા, સામાન્ય બુધ્ધિની, સામાન્ય વ્યકિતને, દેખીતી રીતે જ સાચી જણાય અને તે અંગે મહત્વનું ધ્યાન આપવું જરૂરી જણાય અથવા તે હકીકત વિચાર કરવા યોગ્ય છે. માગણીદારે કરેલા આક્ષેપ ઉપરથી ત્વરીત પણે કોઈપણ પ્રકારના ખચકાટ અનુભવ્યા વગર સામાન્ય સમજશકિતવાળી

વ્યકિતમાં એવા વિચાર પેદા કરે કે કંઈક અઘટીત કૃત્ય સામી વ્યકિત કરી રહી છે અને તે અટકાવવાની જરૂર છે તેને પ્રથમ દર્શનીય કેસ ગણી શકાય.

**<u>મુદૃા નં.–૧.</u>**

(૯) સદરહું મુદ્ધા બાબતે વિ. વ. શ્રી ઓની દલીલોની રેકર્ડ ઉપરના પુરાવા સાથે ચર્ચા કરવામાં આવે તો સદર અરજીનો નિર્ણય કરતા સમયે પ્રસ્થાપિત કાયદાકીય પરિસ્થિતી મુજબ વાદી દાવામાં સફળ થાય છે તેમ છે કે કેમ તે જોવાનું નથી, પરંતુ વાદી રજુ રાખેલ દસ્તાવેજો આધારે પોતાનો પ્રથમદર્શનીય કેસ પુરવાર કરી શકે છે કે કેમ ? તેટલુ જ ધ્યાને લેવાનું છે તે મુજબ હાલના કામે જોવામાં આવે તો વાદી રજુ દસ્તાવેજી પુરાવાથી પોતાનો પ્રથમદર્શનીય કેસ પુરવાર કરી શકેલ છે કે નહી તે બાબતે રેકર્ડ ઉપરના પુરાવા સાથે ચર્ચા કરવામાં આવે તો વાદી તરફે તેઓની દાવાઅરજી તથા હાલની મનાઈ અરજમાં સ્પષ્ટપણે જણાવેલ છે કે '' સદરહું મિલકત યાને ઘરની પુર્વ તરફ ખાલી જગ્યા આવેલ છે જે જગ્યા વાપરવાના હકક સહિત સદરહું મીલકત વેચાણ રાખેલ અને તે ખુલ્લી જગ્યાની પુર્વે હદ ઉપર વાદીના પિતાએ કંપાઉન્ડ વોલ યાને પ્રોટેકશન વોલ બનાવેલ અને તે રીતે સદરહું ખુલ્લી જગ્યાનો વાપર ઉપભોગ માલીકી હકકે વાદીના વડવા કરતા આવેલ છે. '' સદર બાબતે વાદી તરફે નિ. ૩/૧ થી રજુ તેઓની મીલકતનો વેચાણ દસ્તાવેજ વંચાણે લેવામાં આવેતો પ્લોટ નં. ૫૩ વાળી લાંબી ૩૦ ફુટ અને પહોળી ફુટ ૧૫ ચો. મીટર ૪૧.૮૧ ની વેચાણ આપેલાની નોંધ છે અને ચર્તુદિશા જોવામાં આવેતો ઉગમણે ખુલ્લી જમીન આવેલ હોવાનું જણાવલે છે, પરંતુ સમગ્ર દસ્તાવેજ વંચાણે લેતા આ પુર્વ તરફની દિવાલ વાપરવાના હકક વાદીના વડવાને આપવામાં આવેલ હોય તેવી કોઈ હકિકત જણાઈ આવતી નથી. વધુમાં વાદીની દાવાઅરજી તથા મનાઈ અરજી વંચાણે લેવામાં આવેતો હાલનો દાવો કરતા અગાઉ પ્રતિવાદી દ્વારા વાદીની દિવાલ ઉપર દિવાલ

બનાવી સ્લેબ બનાવેલ હોવાનું તથા પ્રતિવાદીઓના મકાનની પશ્ચિમ તરફ ત્રણ કુટની વરસાદી પાણીના નિકાલ માટેની સરકારી નવેરી તેમના મકાનમાં સમાવી લીધેલ હોવાનું પણ જણાવેલ છે તેમ છતા જે તે સમયે ગેરકાયદેસર, વગર પરવાનગી અને સરકારી નવેરીમાં દબાણ રુપ બાંધકામ કરવા અંગે નગરપાલીકા જંબુસરને કોઇ અરજી કે ફરીયાદ કરેલાની હકિકત પણ જણાઇ આવતી નથી. વાદી તરફે હાલનો દાવો તા. ૨૧/૧૦/૨૦૧૯ ના રોજ કરવામાં આવેલ છે અને વાદીની અરજી આધારે તા. ૨૪/૧૦/૨૦૧૯ ના રોજ કોર્ટ કમીશ્નરશ્રી દ્વારા તકરારી જગ્યાનું સ્થળ સ્થિતીનું પંચનામું તથા નકશો પણ તૈયાર કરવામાં આવેલ છે તે જોવામાં આવે તો મોટાભાગનું બાંધકામ થઇ ગયેલાનું જણાઇ આવે છે તે સંજોગોમાં પ્રતિવાદી દ્વારા જયારે બાંધકામ કરવાની શરુઆત કરેલ ત્યારે જ હાલનો દાવો કરી મનાઇ હુકમ માંગવાની જરુરત હતી. જેથી હાલની અરજીને વિલંબનો પણ બાધ નડતો હોવાનું જણાય છે. આમ હાલના તબકકે રજુ રેકર્ડ ઉપરથી વાદી પોતાનો પ્રથમદર્શનીય કેસ પુરવાર કરી શકેલ ન હોવાનું જણાઇ આવતુ હોય તે રીતે **મુદ્દા નં. ૧** નો જવાબ **"નકારમાં"** ઠરાવવામાં આવે છે.

**<u>મુદ્દા નં. ૨ અને ૩.</u>**

**(૧૦)** ઉપરોકત પેરામાં વિગતે કરેલ ચર્ચા તથા જણાવેલ કારણોસર જયારે વાદી હાલના તબકકે પોતાનો પ્રથમદર્શનીય કેસ પુરવાર કરેલ નથી અને હાલના તબકકે વાદીના મકાનની પુર્વ તરફની ખુલ્લી જગ્યા તેઓની માલીકી હોવાનું પણ જણાઇ આવતુ નથી અને પ્રતિવાદીઓ તરફે મોટાભાગનું બાંધકામ પુર્ણ થઇ ગયેલ છે ત્યારે હાલના તબકકે વાદી તરફે માંગ્યા મુજબનો મનાઇ હુકમ મંજુર કરવામાં ન આવેતો વાદીને નાણામાં વાળી ન શકાય તેવુ કોઇ નુકસાન થવાનું કે અગવળ પડે

તેમ હોવાનું પણ જણાઇ આવતુ ન હોય વાદી નાણામાં વાળી ન શકાય તેવુ નુકસાન તથા સગવળ અગવળનું ધોરણ બંન્ને મુદ્દાઓ પણ પુરવાર કરી શકેલ ન હોય તે રીતે **મુદ્દા નં. ૨ અને ૩** નો જવાબ પણ **"નકારમાં"** ઠરાવી મુદ્દા નં. ૪ પરત્વે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**–<u>:: આ ખ રી હુ ક મ ::</u>–**

- વાદીની મનાઇઅરજી રદ યાને નામંજુર કરવામાં આવે છે.
- સદર અરજીનું ખર્ચ દાવાના આખરી પરીણામને અનુસરશે.

ઉપરોકત હુકમ આજરોજ **તારીખ ૧૯ જી, માહે : નવેમ્બર, સને : ૨૦૨૨** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

| | |
|---|---|
| તારીખ : ૧૯/૧૧/૨૦૨૨ | ( ધર્મેન્દ્ર સુખવાસીભાઈ શ્રીવાસ્તવ ) |
| સ્થળ : જંબુસર | પ્રિન્સીપાલ સીનીયર સિવિલ જજ, જંબુસર |
| | જજ કોડ જી. જે. ૦૦૮૧૯ |